# કડોદરા નગરપાલિકા

**કડોદરા,તા. પલસણા જી. સુરત - ૩૯૪૩૨૭**

**(વેબસાઇટ એડ્રેસ : www.kadodaranagarpalika.org)**

---

કડોદરા નગરપાલિકા, કડોદરા દ્વારા વર્ગ-૩ ના જુદા જુદા સંવર્ગોની નીચે દર્શાવેલ સીધી ભરતીની જગ્યાઓ અન્વયે પસંદગી/ પ્રતિક્ષા યાદી તૈયાર કરવા માટે ઉમેદવારો પાસેથી નગરપાલિકાની વેબસાઇટ **www.kadodaranagarpalika.org** પર મુકેલ અરજીના નિયત નમુનામાં અરજીપત્રકો મંગાવવામાં આવે છે. ઉમેદવારોએ ભરેલ અરજીપત્રક **તા.૨૯/03/૨૦૧૮ થી તા.૧૩/૦૪/૨૦૧૮** દરમ્યાન નગરપાલિકા કચેરીએ આર.પી.એ.ડી (R.P.A.D) થી પહોચતી કરવાની રહેશે. અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ સહિત સમગ્ર જાહેરાત દરેક ઉમેદવારે પ્રથમ ધ્યાનથી વાંચવી જરૂરી છે. ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાત, અનુભવ, ઉંમર, જાતિ તેમજ અન્ય લાયકાતના બધાજ અસલ પ્રમાણપત્રો હાલમાં પોતાની પાસે જ રાખવાના રહેશે અને અરજીપત્રકમાં તે પ્રમાણપત્રોમાં દર્શાવયા મુજબની જરૂરી વિગતો ભરવાની રહેશે. જેથી અરજીમાની ખોટી વિગતો ને કારણે અરજી રદ થવા પાત્ર ઠરે નહીં **(ખાસ નોધ.: ઉમેરવારો એ સ્વાયત સંસ્થા માં અગાઉ તથા હાલ માં ફરજ બજાવતા હોય તો તેઓ ના અનુભવ ના અસલ પ્રમાણપત્ર અરજી પત્રક સાથે બિડાણ કરવાનું રહેશે.**). પરીક્ષા સંબધિત તમામ સૂચનાઓ નગરપાલિકાની વેબસાઇટ પર મુકવામાં આવશે. તેથી સમયાંતરે નગરપાલિકાની વેબસાઇટ અચુક જોતા રહેવું તેમજ કેટલીક સૂચનાઓ મોબાઇલ નંબર પર **SMS** થી આપવામાં આવશે. આથી અરજીપત્રકમાં સંબધિત કોલમમાં મોબાઇલ નંબર અવશ્ય દર્શાવવો અને ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી તે નંબર જાળવી રાખવો જરૂરી અને આપના હિતમાં છે.

## **૧) સંવર્ગવાર જગ્યાની વિગતો :**

| સંવર્ગ | કુલ | બિન અનામત | | સામાજીક અને શૈક્ષણીક રીતે પછાત વર્ગ | | અનુસુચિત જાતિ | | અનુસુચિત જનજાતિ | | કુલ જગ્યા પૈકી | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | માજી સૈનિક | શાખોખા | અધત્વ | શ્રવણની ખામી વાળા | હલનચલનની વિકલાંગતા |
| કલાર્ક | ૯ | ૪ | ૨ | ૨ | | | | ૧ | | | | | | |
| ઓડીટર | ૧ | ૧ | | | | | | | | | | | | |

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સેનેટરી ઇન્સપેક્ટર | ૧ | ૧ | | | | | | | | | | | | |
| સમાજ સંગઠક | ૧ | ૧ | | | | | | | | | | | | |
| ટાઉન પ્લાનર | ૧ | ૧ | | | | | | | | | | | | |
| વાયરમેન કમ ઈલેક્ટ્રીકલ | ૧ | ૧ | | | | | | | | | | | | |
| ફાયર ઇન્સપેક્ટર | ૧ | ૧ | | | | | | | | | | | | |
| કુલ | ૧૫ | ૧૦ | ૨ | ૨ | | | | ૧ | | | | | | |

**નોંધ**:-

(૧) ઉપરોકત જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓની સંખ્યામાં વધઘટ થવાની શક્યતા છે.

(૨) અનામત જગ્યા ફકત મૂળ ગુજરાતના જે તે અનામત કેટેગરીના ઉમેદવારો માટે જ અનામત છે.

(૩) સામાન્ય વહિવટ વિભાગના તા.૧૧/૧૧/૨૦૧૪ના ઠરાવ ક્રમાક -સીઆરઆર/૧૦૯૬/૨૨/ ૧૩/ગ.૨ (ભાગ-૧) ની જોગવાઇઓ ધ્યાને લઇને, જે તે કેટગરીમાં મહિલા માટેની અનામત જગ્યાઓ રાખવામાં આવેલ છે. જે તે કેટેગરીમાં મહિલાઓ માટેની અનામત જગ્યા માટે જો લાયક મહિલા ઉમેદવાર ઉપલ્ધ નહીં થાય તો, તે જગ્યા જે તે કેટેગરીના/સંબંધિત કેટેગરી (જનરલ, એસ. સી.,એસ.ટી., એસ.ઇ.બી.સી.) ના પુરુષ ઉમેદવારથી ભરવામાં આવશે.

(૪) વિક્લાંગ તથા માજી સૈનિકો માટેની અનામત જગ્યાઓ જે તે કેટેગરીની જગ્યા સામે સરભર કરવામાં આવશે. જો તેવી જગ્યાઓ માટે લાયક ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યાઓ જે તે કેટેગરીના સામાન્ય ઉમેદવારોથી ભરવામાં આવશે.

(૫) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફકત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી ઉમેદવારોએ મેળવેલ માર્કસના મેરીટસને ધ્યાને લઇ કરવામાં આવે છે.. તેથી આવી જગ્યાઓ માટે પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ-૧૦ જગ્યાઓ પૈકી 0૩ જગ્યાઓ મહિલા ઉમેદવાર માટે અનામત છે. પરતું બાકી રહેતી 0૭ જગ્યાઓ સામે મેરીટસ માં આવતી મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

## **<u>૨. પગારધોરણ :-</u>**

નાણા વિભાગના તા.૨૦-૧૦-૨૦૧૫ ના ઠરાવ ક્રમાક :- ખરચ - ૨૦૦૨ - ૫૭- (પાર્ટ-૨)-ઝ.૧ તેમજ તા.૧૮-૦૧-૨૦૧૭ ના ઠરાવ ક્રમાક:- ખરચ - ૨૦૦૨- ૫૭- (પાર્ટ-૨) -ઝ.૧ થી નકકી થયા મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિ માસ માટે નીચે મુજબના નિયત ફિક્સ પગારથી નિમણુક આપવામાં આવશે. તેમજ ઉપરોક્ત ઠરાવના અન્ય લાભો મળવાપાત્ર થશે અને સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩-૧૦-૨૦૧૫ ના ઠરાવ ક્રમાક :- સીઆરઆર- ૧૧- ૨૦૧૫- ૩૧૨૯૧૧- ગ.૫ અને નાણા વિભાગના તા.૨૮-0૩-૨૦૧૬ ના ઠરાવ ક્રમાક:- ખરચ/ ૨૦૦૨/ ૫૭/ (પાર્ટ-૩)/ ઝ-૧માં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધિન નિમાયેલ ઉમેદવાર પાંચ વર્ષનાં અંતે

તેની સેવાઓ સંતોષકારક જણાયેથી જે તે સમયના સરકારશ્રીનાં નિયમોનુસાર મળવાપાત્ર પગારધોરણમા નિયમિત નિમણૂક મેળવવાને પાત્ર થશે. તેમ છતા, આ બાબતે નામદાર સુપ્રીમ કોર્ટમમાં દાખલ થયેલ **SLP No. 14124/2012** અને **SLP No. 14125/2012** ના ચુકાદાને આધીન રહશે.

| ક્રમ | સંવર્ગ નું નામ | પગાર ધોરણ | પ્રથમ પાચ વર્ષ સુધી ફિકસપગાર | શૈક્ષણિક /લાયકાત |
|---|---|---|---|---|
| ૧ | કલાર્ક | ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે -૧૯૦૦/- | ૧૯૯૫૦/- | એચ.એચ.સી. પાસ, સીસીસી પરીક્ષા પાસ<br>તા.13/0૪/૨૦૧૮ ના રોજ ઉમેદવારની ઉમર ૧૮ વર્ષ થી ઓછી નહીં અને 33 વર્ષ થી વધુ ના હોવી જોઈએ. |
| ૨ | ઓડિટર | ૯300-3૪૮00 ગ્રેડ પે -૪૨૦૦/- | ૩૧૩૪૦/- | કોમર્સ ગ્રેજ્યુએટ બીજા વર્ગ સાથે પાસ, એચ.એચ.સી. પાસ સીસીસી પરીક્ષા પાસ<br>તા.૧૩/0૪/૨૦૧૮ ના રોજ ઉમેદવારની ઉમર ૧૮ વર્ષ થી ઓછી નહીં અને ૩૫ વર્ષ થી વધુ ના હોવી જોઈએ. |
| ૩ | સેનેટરી ઈન્સ્પેકટર | ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે -૨૪૦૦/- | ૧૯૯૫૦/- | સેનેટરી ઇન્સપેક્ટરનો ગ્રેજ્યુએટ કોર્સ, સીસીસી પરીક્ષા પાસ<br>તા.૧૩/0૪/૨૦૧૮ ના રોજ ઉમેદવારની ઉમર ૧૮ વર્ષ થી ઓછી નહીં અને ૩૫ વર્ષ થી વધુ ના હોવી જોઈએ. |
| ૪ | સમાજ સગઠક | ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે -૨૮૦૦/- | ૩૧૩૪૦/- | MSW/BSW/BRS/MRS/BA/MA (સમાજ શાસ્ત્ર વિષય ફરજીયાત), સીસીસી પરીક્ષા પાસ<br>તા.૧૩/0૪/૨૦૧૮ ના રોજ ઉમેદવારની ઉમર ૧૮ વર્ષ થી ઓછી નહીં અને ૩૫ વર્ષ થી વધુ ના હોવી જોઈએ. |
| ૫ | ટાઉન પ્લાનર | ૯300-3૪૮00 ગ્રેડ પે -૪૪૦૦/- | ૩૮૦૯૦/- | બીઇ સિવિલ , સીસીસી પરીક્ષા પાસ<br>તા.૧૩/0૪/૨૦૧૮ ના રોજ ઉમેદવારની ઉમર ૧૮ વર્ષ થી ઓછી નહીં અને ૩૫ વર્ષ થી વધુ ના હોવી જોઈએ. |
| ૬ | વાયરમેન કમ ઇલેક્ટ્રિકલ | ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે -૧૯૦૦/- | ૧૯૯૫૦/- | એચ.એચ.સી. પાસ,સરકારે સ્થાપેલ ઔધોગીક તાલીમ સંસ્થાઓ પૈકીની કોઈપણ માથી મેળવેલ વાયરમેન અથવા ઈલેક્ટ્રિશિયન નું પ્રમાણપત્ર<br>તા.૧૩/0૪/૨૦૧૮ ના રોજ ઉમેદવારની ઉમર ૧૮ વર્ષ થી ઓછી નહીં અને 33 વર્ષ થી વધુ ના હોવી જોઈએ. |
| ૭ | ફાયર ઈન્સ્પેકટર | ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે -૨૪૦૦/- | ૧૯૯૫૦/- | સ્નાતક, નેશનલ ફાયર સર્વીસ કોલેજ ગૃહ મંત્રાલય ભારત સરકારનો સબ ફાયર ઓફિસરનો કોર્સ પાસ, સીસીસી પરીક્ષાપાસ<br>તા.૧૩/0૪/૨૦૧૮ ના રોજ ઉમેદવારની ઉમર ૧૮ વર્ષ થી ઓછી નહીં અને ૩૫ વર્ષ થી વધુ ના હોવી જોઈએ. |

**<u>3. રાષ્ટ્રીયતા :-</u>**

ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઇએ. અથવા કડોદરા નગરપાલિકા નાં કર્મચારી ભરતી – બઢતી નાં નિયમો વર્ષ ૨૦૧૬ -૧૭ ની જોગવાઇ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઇએ.

**<u>૪. વયમર્યાદા : -</u>**

**૪.૧ વય-મર્યાદામાં  છૂટછાટ :-**

સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારો અનામત વર્ગના પુરુષ તથા મહિલા ઉમેદવારો તેમજ માજીસૈનિક શારિરીક વિકલાગ ઉમેદવારને નીચે મુજબ નિયમોનુસાર છૂટછાટ મળવાપાત્ર છે.

(૧) માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જલ, વાયુ અને સ્થળની આર્મી ફોર્સીસમાં ઓછામાં ઓછા છ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનુ ઓળખકાર્ડ અને ડિસ્ચાર્જ બુક ધરાવતા હોય તો ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળા ઉપરાત ત્રણ વર્ષ સુધીની છુટછાટ મળશે.

(૨) જે તે સંવર્ગની જગ્યાઓ માટે સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારોને મહિલા તરીકેની પાંચ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે.

(૩) જે સંવર્ગની જગ્યાઓ પૈકી જે તે અનામત વર્ગના ઉમેદવારો માટે જગ્યાઓ અનામત દર્શાવેલ છે તેવા વર્ગના પુરુષ ઉમેદવારોને પાંચ વર્ષની છૂટછાટ અને મહિલા ઉમેદવારોને અનામત વર્ગ તરીકેની પાંચ અને મહિલા તરીકેના પાંચ વર્ષ મળી કુલ-૧૦ (દશ) વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે. પરતું જે સંવર્ગની જગ્યાઓમાં જે તે અનામત વર્ગ માટે અનામત જગ્યા દર્શાવેલ નથી તેવા વર્ગનાં પુરુષ ઉમેદવારોને કોઇ છુટછાટ મળશે નહીં માત્ર મહિલા ઉમેદવારોને મહિલા તરીકેના પાંચ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે.

(૪) જે સંવર્ગોની જગ્યા માત્ર બિનઅનામત- સામાન્ય વર્ગ માટેની છે તેવી જગ્યાઓ માટે અનામત વર્ગના ઉમેદવારો પોતાની ઉમેદવારી નોધાવી શક્શે / અરજીપત્રક ભરી શક્શે. પરતું  તેઓને વયમર્યાદા માં કોઇ છૂટછાટ મળશે નહીં. માત્ર મહિલા ઉમેદવારોને મહિલા તરીકેના પાંચ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે.

(૫) સામાન્ય વર્ગ ના વિક્લાંગ પુરુષ ઉમેદવારોને ૧૦ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે.

(૬) સામાન્ય વર્ગ ના વિક્લાંગ મહિલા ઉમેદવારો ૧૫ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે.

(૭) અનામત વર્ગના વિક્લાંગ પુરુષ ઉમેદવારોને જે તે સંવર્ગમાં જે તે અનામત વર્ગ માટે જગ્યાઓ અનામત હશે તેવી કેટેગરીના વિંક્લાંગ પુરુષ ઉમેદવારોને ૧૫ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે. જયારે જે તે સંવર્ગમાં અનામત વર્ગ માટે જગ્યાઓ અનામત ન હોય તેવા સવર્ગમાં જે તે અનામત વર્ગના વિંક્લાંગ પુરુષ ઉમેદવારોને ૧૦ વર્ષની જ છુટછાટ મળવાપાત્ર થશે.

(૮) અનામત વર્ગનાં વિક્લાંગ મહિલા ઉમેદવારોને જે તે સંવર્ગ જે તે અનામત વર્ગ માટે જગ્યાઓ અનામત હશે તેવી કેટેગરીના વિંક્લાંગ મહિલા ઉમેદવારોને ૨૦ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે. જયારે જે તે સંવર્ગમાં  અનામત વર્ગ માટે જગ્યાઓ અનામત ન હોય તેવા સંવર્ગમાં જે તે અનામત વર્ગના વિંક્લાંગ મહિલા ઉમેદવારોને ૧૫ વર્ષની જ છૂટછાટ મળવાપાત્ર થશે.

(૯) જે સંવર્ગની જગ્યાઓમાં S.E.B.C. કેટેગરી (શા.શૈ.પ.વર્ગ)ના ઉમેદવારો માટે જગ્યાઓ અનામત છે તેવા S.E.B.C. કેટેગરી (શા.શૈ.પ. વર્ગ) ના ઉમેદવારોએ નોન-ક્રિમીલેયર સર્ટીફિકેટ માટે નિયત થયેલ આવકના આધારે રાજય સરકારની નોકરી માટે (પરિશિષ્ઠ-4 મુજબ ગુજરાતી નમૂનામાં) કઢાવેલ નોન-ક્રિમીલેયર સર્ટીફિકેટ તા.૦૧/૦૪/૨૦૧૬ થી તા.૧૩/૦૪/૨૦૧૮ દરમ્યાન મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતા હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ તેમજ કેટેગરીની અનામત જગ્યાનો લાભ મળશે. (અગ્રેજીમાં મેળવેલ નોન-ક્રિમીલેયર સર્ટીફિકેટ કોઈપણ સંજોગોમાં માન્ય ગણવામાં આવશે નહિ.) અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના

ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. અને તે કિસ્સામા વયમર્યાદા માંથી મુક્તિ તેમજ અનામત જગ્યા પર પસંદગી નો લાભ મળવાપાત્ર થશે નહી.

(૧૦) અનામત વર્ગના તમામ ઉમેદવારોએ જાતિ અગેનુ પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં મેળવેલ હોવું જોઈશે.

(૧૧) જે તે વર્ગના માજી સૈનિક ઉમેદવારો સિવાય અન્ય તમામ વર્ગના ઉમેદવારો માટે ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર મળવાપાત્ર છુટછાટ સાથેની ઉમર કોઇપણ સંજોગોમાં નિયત તારીખે ૪૫ વર્ષથી વધવી જોઇએ નહી.

**૪.૨ શારીરિક ખોડખાપણમા ઉમેદવારી કરતા ઉમેદવારો માટે સચુના.**

(૧) જાહેરાતમાં દર્શાવેલ શારીરિક ખોડખાપણ જેવી કે, અંધત્વ / ઓછી દ્રષ્ટીવાળા શ્રવણની ખામીવાળા, હલનચલનની વિકલાગતા / મગજનો લકવો (૪૦ ટકા કે તેથી વધુ અને ૧૦૦ ટકા સુધીની (Profound / Total) વિંકલાંગતા ધરાવતા ઉમેદવારોએ વિંકલાંગતા ધરાવતા હોવા અંગેનું સિવિલ સર્જનનું સર્ટિફિકેટ હશે તો જ વિંકલાંગતા ઉમેદવાર તરીકે માન્ય ગણાશે અને ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળશે.

(૨) અરજી કરતી વખતે કોઈ પ્રમાણપત્ર જોડવાના નથી પરતું અરજીપત્રકમાં જરૂરી વિગતો ભરવાની રહેશે. આ કેટેગરીમા અરજી કરનારા ઉમેદવારો આવા પ્રમાણપત્રો ધરાવતા હોય તેમણે જ વિકલાગ ઉમેદવારની કેટેગરીમા અરજી કરવાની રહશે.

(૩) જે વિકલાંગ ઉમેદવારો લહીયાની મદદ સિવાય પરીક્ષા આપી શકે તેમ ન હોય તેવા ઉમેદવારોએ કોઇપણ પરીક્ષાના સમય પહેલા કેન્દ્ર સચાલકને રજૂઆત કરી લહીયાની મદદ માટેની જરૂરી મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૪) શારીરિક અશકત અંગે સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૧૨-૨૦૦૮ના પરિપત્ર ક્રમક: પરચ- ૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ-૨ થી નિયત થયેલ તથા વખતો વખતના પરિપત્રથી નિયત થયેલ નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ / સિવિલ સર્જન / મેડીકલ બોર્ડ ધ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે. અરજી કરતી વખતે કોઈ પ્રમાણપત્ર જોડવા નાં નથી પરતું આ કેટેગરીમાં અરજી કરનાર ઉમેદવારો આવા પ્રમાણપત્ર ધરાવતા હોય તેમણે જ વિંક્લાંગ ઉમેદવારની કેટેગરીમાં અરજી કરવાની રહેશે.

**૪.૩ માજી સૈનિક તરીકે ઉમેદવારી કરતા ઉમેદવારોને સચુના.**

૧) માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જલ, વાયુ અને સ્થળની આર્મી ફોર્સીસમા ઓછામાં ઓછા છ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનુ ઓળખકાર્ડ અને ડિસ્ચાર્જ બુક ધરાવતા હોય તો ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળા ઉપરાત ત્રણ વર્ષ સુધીની છુટછાટ મળશે

૨) માજી સૈનિક સિવાય તમામ કેટેગરીના ઉમેદવારોને ઉપલી વયમર્યાદા મળવાપાત્ર છુટછાટ સાથેની ઉમર નિયત તારીખે કોઇ પણ સજોગોમમાં ૪૫ વર્ષ કરતા વધવી જોઇએ નહિ.

**૪.૪ વયમર્યાદા માટેની નિર્ધારીત તારીખ :**

તમામ ઉમેદવારોના કિસ્સામાં વયમર્યાદા તા.૧૩/૦૪/૨૦૧૮ની સ્થિતિ ધ્યાનમાં લેવામમાં આવશે. અન્ય તમામ બાબતો માટે પણ cut off date તા.૧૩/૦૪/૨૦૧૮ ની ગણવાની રહેશે.

## ૫. શૈક્ષણિક લાયકાત / વયમર્યાદા/ વધારાની લાયકાત માટેની નિર્ધારિત તારીખ :-

જાહેરાતમાં દર્શાવેલ તમામ સંવર્ગના ઉમેદવારોના કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા અનુભવ નોન-ક્રિમીલિયર સર્ટી. અને અન્ય જરૂરી લાયકાત માટે તા.૧૩/૦૪/૨૦૧૮ ની સ્થિતિ ધ્યાનમાં લેવામાં આવશે.

## ૬. પરીક્ષા ફી :-

- અરજીપત્રક સાથે રૂ ૫૦૦/- (પાંચસો પૂરા) નો ડિમાંડ ડ્રાફ્ટ નોન રિફંડેબલ “ચીફ ઓફિસર કડોદરા નગરપાલિકા” નામનો મોકલવાનો રહેશે.
- ફોર્મ ભરતી વખતે કેટેગરી દર્શાવી તમામ ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની રહેશે.
- અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણક રીતે પછાત વર્ગ, માજી સૈનિક તમામ કેટેગરીના, શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારો (PH) તમામ કેટેગરીનાએ પરીક્ષા ફી ૫૦% ભરવાની રહેશે.
- અન્ય કોઈ પણ રીતે ફી સ્વીકારવામાં આવશે નહીં.
- પરીક્ષા ફી ભર્યા બાદ રિફંડ મળવાપાત્ર નથી તેમજ તે ફી અન્ય કોઈ પરીક્ષા માટે અનામત તરીકે રાખવામાં આવશે નહીં. પરીક્ષા ફી ભરવાપાત્ર ઉમેદવારોની ફી ભર્યા વગરની અરજી કડોદરા નગરપાલિકા ધ્વારા રદ કરવામાં આવશે.

## ૭. પરીક્ષા પદ્ધતિ :-

કડોદરા નગરપાલિકા ધ્વારા નિયત સમયમર્યાદામાં મળેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી (એક કરતા વધુ અરજી કરેલ છે કે કેમ ? અને પરીક્ષા ફી ભરેલ છે કે કેમ ?) કરીને લાયક ઉમેદવારોની પરીક્ષા પદ્ધતિ O.M.R. – M.C.Q. અનુસાર રહેશે.

ક્રમ ૧ માટે અભ્યાસક્રમ અને ગુણભાર નીચે મુજબનો રહેશે.

| ક્રમ | વિષય | ગુણ | સમયગાળો |
|---|---|---|---|
| ૧ | સામાન્ય જ્ઞાન : ગુજરાતનો ઇતિહાસ, ભૂગોળ અને સંસ્કૃતિ, ભારતનું બંધારણ,રમતગમત, સામાન્ય વિજ્ઞાન, વર્તમાન પ્રવાહો, કોમ્પ્યુટરને લગતું સામાન્ય જ્ઞાન, પર્યાવરણ, જાહેર વહીવટ, સરકારી યોજનાઓ, પંચાયતી રાજ અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ વગેરે | ૩૫ | ૬૦ મિનિટ |
| ૨ | ગુજરાતી સાહિત્ય , ગુજરાતી વ્યાકરણ | ૨૦ | |
| 3 | અંગ્રેજી વ્યાકરણ | ૧૫ | |
| ૪ | ગાણિતિક કસોટીઓ અને ટેસ્ટ ઓફ રીઝનીગ | 30 | |
| | કુલ ગુણ | ૧૦૦ | |

**અભ્યાસક્રમ નું વિયષવસ્તુ ધોરણ – ૧૨ HSCની સમકક્ષ રહેશે.**

ક્રમ ૨ થી ૭ માટે અભ્યાસક્રમ અને ગુણભાર નીચે મુજબનો રહેશે.

| ક્રમ | વિષય | ગુણ | સમયગાળો |
|---|---|---|---|
| ૧ | સામાન્ય જ્ઞાન : ગુજરાતનો ઇતિહાસ, ભૂગોળ અને સંસ્કૃતિ, ભારતનું બંધારણ, રમતગમત, સામાન્ય વિજ્ઞાન, વર્તમાન પ્રવાહો, કોમ્પ્યુટરને લગતું સામાન્ય જ્ઞાન, પર્યાવરણ, જાહેર વહીવટ, સરકારી યોજનાઓ, પંચાયતી રાજ અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ, ગાણિતિક કસોટીઓ અને ટેસ્ટ ઓફ રીઝનીગ વગેરે | ૨૫ | ૬૦ મિનિટ |
| ૨ | ગુજરાતી સાહિત્ય , ગુજરાતી વ્યાકરણ | ૨૦ | |
| ૩ | અંગ્રેજી વ્યાકરણ | ૧૫ | |
| ૪ | જગ્યાની તાંત્રિક શૈક્ષણિક લાયકાતને સંબંધિત વિષયનું જ્ઞાન | ૪૦ | |
| | કુલ ગુણ | ૧૦૦ | |

**અભ્યાસક્રમનું વિષયવસ્તુ સંબંધિત સંવર્ગના ભરતી નિયમોમાં જે લઘુતમ શૈક્ષણિક લાયકાત નિયત કરવામાં આવેલ છે તેની સમકક્ષ રહેશે.**

(૧) O.M.R. – M.C.Q. પદ્ધતિની સ્પર્ધાત્મક લેખિત કસોટી

નોધ : (i) પરીક્ષા Multiple Choice Question (MCQ ) અને Optical Mark Reader(OMR) પદ્ધતિ રહેશે. (ii) દરેક પ્રશ્નનો ૦૧ (એક) ગુણ રહેશે. (iii) ઉમેદવારે બધા પ્રશ્નનો જવાબ આપવાના રહશે. (iv) ખોટા વિકલ્પવાળા, એકથી વધુ વિકલ્પ દર્શાવેલ , છેકછાકવાળા વિકલ્પદીઠ તથા ખાલી છોડી દીધેલ જવાબદીઠ મેળવેલ ગુણના માઇનસ ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. નેગેટીવા માર્કિંગ લાગુ પડશે.

પ્રશ્નપત્રમાં કેટલાક પ્રશ્ન ગુજરાતીમાં અને કેટલાક અંગ્રેજીમાં રહેશે.

**<u>૮. સામાન્ય શરતો :</u>**

(૧) ઉમેદવારે જાહેરાતમાં દર્શાવેલ સંવર્ગ પૈકી એક અથવા એકથી વધારે સંવર્ગ માટે અરજી કરી શકશે અને તેઓએ એક સંવર્ગ માટે એક જ વખત અરજી કરવાની રહેશે. દરેક સંવર્ગ માટે અલગ અલગ અરજી કરવાની રહેશે.

(૨) જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓ માટે અને તેની સંખ્યામાં વધ – ઘટ થવાની શક્યતા રહેશે.

(૩) કોઈ પણ ઉમેદવાર જો એક જ સંવર્ગ માટે એકથી વધુ અરજી કરશે તો તેમની અરજી રદ કરવા અગે નિર્ણય કરવાની સતા નગરપાલિકાની રહેશે.

(૪) જાહેરાતમાં જે કેટેગરીના ઉમેદવારો માટે જગ્યાઓ અનામત છે તેવી કેટેગરીના ઉમેદવારને જ ઉપલી વયમર્યાદા છૂટછાટ મળશે. બધી જ મળવાપાત્ર છૂટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષથી વધે નહીં તે રીતે જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે.

(૫) અનામત વર્ગના ઉમેદવારો જો બિન અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છૂટછાટ મળશે નહીં.

(૬) બિન અનામત તથા અનામત વર્ગોની મહિલા ઉમેદવારોને પણ બધી જ મળવા પાત્ર છૂટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે.

(૭) (૧)અનામત વર્ગના ઉમેદવારોએ જાતિ અગેનું સક્ષમ સતાધિકારીનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર ધ્વારા વખતો વખત નિયત કરેલ નમૂના મુજબ મેળવેલ હોવું જોઈએ. (૨) સા.અને શૈ.પ.વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અગેનું સામાજીક ન્યાય અને અધિકારતા વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૦ ના ઠરાવ ક્રમક : સશપ/૧૧૦૯/૧૯૬૩/અ થી નિયત થયેલ પરિશિષ્ઠ ૪ (ગુજરાતી) ના નમૂનામાં તા.૦૧/૦૪/૨૦૧૬થી અરજી કરવાની છેલ્લી તા. ૧૩/૦૪/૨૦૧૮ દરમ્યાન મેળવેલ અસલ પ્રમાણપત્રોનો નંબર અને તારીખ અરજી કરતી વખતે દર્શાવવાની રહેશે. (અંગ્રેજીમાં મેળવેલ પ્રમાણપત્ર માન્ય ગણાશે નહીં.) સક્ષમ અધિકારી ધ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજુ ન કરી શકનાર ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે. સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ રાજયસરકારની નોકરી માટે માન્ય કરાયેલ પરિશિષ્ઠ ૪ (જૂનો પરિશિષ્ઠ-ક)ના નિયત નમૂનામાં (ગુજરાતી) નોન ક્રિમીલિયર સર્ટી અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાના રહેશે.

(૮) જો સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારે આવું પ્રમાણપત્ર નગરપાલિકા દ્વારા અસલ પ્રમાણપત્રો ચકાસણી સમયે રજુ કરેલ નહિ હોય તો તેમજ તેઓ બિન અનામત ઉમેદવાર તરીકેની વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની અરજી વિચારણા હેઠળ લેવામાં આવશે નહીં.

(૯) પરીક્ષા ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી તેમજ તે ફી અન્ય કોઈ પરીક્ષા માટે અનામત તરીકે રાખવામાં આવશે નહીં. તથા અરજી કર્યા બાદ પરત ખેચી શકશે નહીં.

(૧૦) બિન અનામત વર્ગના ઉમેદવારોએ નિયત ફી ભરેલ નહીં હોય તો તેઓની અરજી વિચારણા હેઠળ લેવામાં આવશે નહીં.

(૧૧) આગળની ભરતી પ્રક્રિયા સદર્ભે નગરપાલિકા ધ્વારા આપવામાં આવતી જરૂરી સૂચનાઓ જોવા માટે નગરપાલિકાની વેબસાઇટ અવાર- નવાર જોતા રહેવું

(૧૨) એથ્લેટિકસ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફૂટબોલ, હોકી, સ્વિમીગ, ટેબલટેનિસ, વોલીબોલ, ટેનિસ, વેઇટલિફટિંગ, રેસલિગ, બોકસિંગ, સાઈકલિગ , જીમનેસ્ટિક્સ, જુડો, રાઇફલ શુંટિંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેંડબોલની રમતો- ખેલકુદમાં (૧) રાષ્ટ્રીય / આંતરરાષ્ટ્રીય અથવા (૨) આંતર યુનિવર્સિટી અથવા (૩) અખિલ ભારત શાળા સંઘ ધ્વરા યોજાતી સ્પર્ધાઓમાં પ્રતિનિધિ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં મેળવેલ કુલ ગુણનાં ૫ (પાંચ ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે.

(૧૩) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૫/૧૯૯૭ના ઠરાવ ક્રમાક : સીઆરઆર/૧૦૯૬/ ૨૨૧૩/ગ.૨ માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસદગીમાં અગ્રતા આપવા માટે તેમને મેળવેલ કુલ ગુણના ૫% (પાચ ટકા) ગુણ ઉમેરી આપવામાં આપશે. પરતું તેઓએ ભરતી અને

નિમણૂક ના સમયે પુન:લગ્ન કરેલા ન હોવા જોઇએ.અને તે અંગે કડોદરા નગરપાલિકા માંગે ત્યારે તમામ પુરાવા અસલમાં  રજુ કરવાના રહેશે..

(૧૪) કડોદરા નગરપાલિકા તરફથી આપવામાં આવતી જરૂરી સૂચનાઓ જોવા માટે નગરપાલિકાની વેબસાઇટ અવારનવાર જોતા રહેવું.

(૧૫) પરીક્ષાનાં સ્થળે ઉમેદવારે પોતાના ખર્ચે હાજર થવાનું રહેશે.

(૧૬) પરીક્ષા માટેના સ્થળ, સમય અને તારીખા નગરપાલિકા ધ્વારા નક્કી કરવામાં આવશે.

**<u>૯. સામાન્ય સૂચનાઓ :</u>**

(૧) ઉમેદવારે અરજીમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. અને આં વિગતોના આધારે જ પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે.

(૨) શૈક્ષણિક લાયકાત, કોમ્પ્યુટરની જાણકારી, ઉંમર, જાતિ (કેટેગરી-SC,ST,SEBC), માજી સૈનિક, સ્પોર્ટ્સ, શારીરિક ખોડખાપણ અને અન્ય બાબતનોના ઉમેદવાર પાસેના અસલ પ્રમાણપત્રોને આધારે અરજીમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. અરજીમાં દર્શાવેલ વિગતોના સમર્થનમાં પ્રમાણપત્રો અને પુરાવાઓ કડોદરા નગરપાલિકા માંગે ત્યારે ઉમેદવારે અસલમાં (ઝેરોક્ષ નકલો સહીત) રજુ કરવાના રહશે. એવા પુરાવા રજુ નહી કરી શકનાર ઉમેદવારનું અરજીપત્રક જે-તે તબકકેથી "રદ ગણવામાં આવશે.

(૩) અરજદારે અરજી પત્રકમાં દર્શાવેલ જાતિ માં પાછળથી જાતિ બદલવાની રજૂઆત ગ્રાહ્ય રાખવાંમાં આવશે નહીં.

(૪) ઉમેદવાર અરજીપત્રકમાં જે ફોટો (૨ ફોટા) ચોંટાડેલ છે, તેની પાસપોર્ટ સાઇઝના ફોટાની એક કરતા  વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત - સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે. (જેમ કે પરીક્ષા સમયે હાજરીપત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજુ કરવાની રહેશે.)

(૫) ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઇલ નંબર દર્શાવે છે તે નબંર ચાલુ જ રાખવો. ભવિષ્યમાં નગરપાલિકા તરફથી આ પરીક્ષાને સંબધિત પરીક્ષાલક્ષી સૂચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબરના મોબાઇલ પર SMS થી મોકલવામાં આવશે તેથી દર્શાવેલ મોબાઇલ નંબર બદલવો નહી.

(૬) ફીકસ પગારથી લાયક ઉમેદવારને ૫ (પાંચ) વર્ષના અજમાયશી ધોરણે જગ્યા ઉપર નિમણૂક સતાધિકારી ધ્વારા નિમણૂંક આપ્યેથી આ જગ્યાના નગરપાલિકાના ભરતી બઢતી નિયમો મુજબ નિમણૂંક આપવામાં આવશે.

(૭) આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સતાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવાને પાત્ર ઠરશે.

(૮) ઉમેદવાર પોતે મેરીટ યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબધિત જગ્યા ઉપર નિમણૂંક મેળવવાનો દાવો કરવાને હકકદાર થશે નહિ. નિમણૂંક કરનાર સતાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ તે કડોદરા નગરપાલિકાની ભરતી બઢતીના ઠરાવેલ નિયમોનુસાર યોગ્ય જણાતો નથી.તો જે તે તબકકે આવા ઉમેદવારને તેની નિમણૂંક 'રદ' કરીને પડતો મૂકી શકશે. નિમણૂંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

(૯) આ ભરતી પ્રક્રિયા ઉકત જણાવેલ જગ્યાઓ પ્રવતમાન ભરતી નિયમો - ભરતી પરીક્ષા નિયમોને આધિન રહેશે.

(૧૦) આ જાહેરાત કોઇ પણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો નગરપાલિકાને સંપૂર્ણ હકક / અધિકાર રહશે અને નગરપાલિકા આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી. તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી અને પરીક્ષા ફી પરત મળવાપાત્ર થશે નહી.

(૧૧) કડોદરા નગરપાલિકાની વેબસાઇટ www.kadodaranagarpalika.org નિયમિતપણે જોતા રહેવા ઉમેદવારોને ખાસ ભલામણ છે.

(૧૨) આ જાહેરાત અન્વયે સંભવત પરીક્ષાનું આયોજન સને ૨૦૧૮ ના મે માસ દરમિયાન કરવામાં આવશે, તે ધ્યાને લઇ ઉમેદવારોએ પરીક્ષાલક્ષી તૈયારી કરવી. આમ છતાં પરીક્ષાના આયોજનની તારીખ બાબતે જરૂર જણાયે નગરપાલિકા ફેરફાર કરી શકાશે.

(૧૩) આ ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે જે તે સંવર્ગના પ્રવર્તમાન ભરતી નિયમોને આધિન રહેશે.

(૧૪) કડોદરા નગરપાલિકા જે કોઇ ઉમેદવારને ;

- તેને ઉમેદવારી માટે કોઇપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે નગરપાલિકાના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ  અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે,
- બીજાનું નામ ધારણ કરવા માટે,
- બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે,
- બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા  હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે,
- યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે,
- પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઇ અનિયમિત અથવા અયોગ્ય સાધનનો આશ્રય લેવા માટે,
- પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉતરવહીની નકલ કરવા, પુસ્તક, ગાઇડ, કાપલી કે તેવા કોઇપણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત ધ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઇપણ ગેરરીતિ આચરવા માટે,
- લખાણોમાં  અશ્લિલ ભાષા અથવા બીભસ્ત બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે,
- OMR ઉતરપત્રમાં પોતાની ઓળખસૂચક કોઇપણ પ્રકારની નિશાની, લખાણ, આલ્ફાબેટ, ચિન્હ કે જેનાથી ઓળખ પ્રસ્થાપિત થાય તેવા પ્રયાસ કરવા માટે,
- પરીક્ષા ખંડમાં અન્ય કોઇ રીતે ગેરવર્તણૂંક કરવા માટે,
- પરીક્ષાના સંચાલન કરવા માટે રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઇજા કરવા માટે,
- પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા કોઇપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા આવા પ્રસંગે મદદગારી કરવા માટે, અથવા

(૧૪) પરીક્ષા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઇપણ સચુનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનુ જાહેર કર્યુ હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત કડોદરા નગરપાલિકા, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે.

(૧૫) સરકારી/સરકાર હસ્તકની સંસ્થાઓ ધ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયકાતનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી આપોઆપ રદ થવાને પાત્ર બનશે.

(૧૬) નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દ્રષ્ટાંત સ્વરૂપે છે.જે સંપૂર્ણ નથી)

- નિયત નમૂના મુજબ અરજી કરેલ ન હોય
- અરજીમાં દર્શાવેલ વિગતો અધુરી કે અસંગત હોય
- અરજીમાં ઉમેદવારે સહી કે પાસપોર્ટસાઇઝનો ફોટો ચોંટાડેલ ન હોય
- અરજી ફેકસથી, ઇ-મેલથી અથવા પોસ્ટથી મોકલાવેલ હોય
- બિનઅનામત વર્ગના ઉમેદવારે પૂરેપુરી ફી ન ભરેલ હોય
- અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ, શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવાર તેમજ માજી સૈનિક તેઓની કેટેગરી અંગેનું પ્રમાણપત્ર ધરાવતા ન હોય
- સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ સમયગાળાનું નોન-ક્રિમિલીયર પ્રમાણપત્ર ધરાવતા ન હોય.

(૧૭) આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઇપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો નગરપાલિકાને સંપૂર્ણ હકક/અધિકાર રહેશે અને નગરપાલિકા આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

(૧૮) **ન્યાયક્ષેત્ર પલસાણા જી. સુરત રહેશે.**

તારીખ : ૨૮/03/૨૦૧૮ ચીફ ઓફિસર

સ્થળ : કડોદરા કડોદરા નગરપાલિકા

વિના સહકાર નહિ ઉદ્ધાર